# Std 11 Gujarati Textbook Solutions Chapter 14 દાદાજી

**સ્વાધ્યાય**

**નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

**પ્રશ્ન 1. જદુનાથે એમની તમામ મિલકત શામાં વાપરી નાખવાનું નક્કી કર્યું?**

ઉત્તરઃ

જિદુનાથે એમની તમામ મિલકત કલ્યાણીનાં લગ્નમાં વાપરી નાખવાનું નક્કી કર્યું.

**પ્રશ્ન 2. લગ્ન માટે આવેલા યુવકના કુટુંબમાં કેટલા સભ્યો હતાં?**

ઉત્તરઃ

લગ્ન માટે આવેલા કુટુંબમાં ત્રણ જ સભ્યો હતા. યુવક, એની બુઢી મા અને નાની બહેન.

**પ્રશ્ન 3. યુવક પૈસાદાર નથી, પણ કેવો છે?**

ઉત્તરઃ

યુવક પૈસાદાર નથી, પણ ખાનદાન છે

**પ્રશ્ન 4. વેઇટિંગરૂમની બહાર કલ્યાણીને દાદાજી જેવું કોણ દેખાયું?**

ઉત્તરઃ

વેઇટિંગ રૂમની બહાર કલ્યાણીને દાદાજી જેવો રેંકડીવાળો ડોસો દેખાયો.

**પ્રશ્ન 5. જિદુનાથના મનને કોણ તંદ્રિત બનાવી દેતું હતું?**

ઉત્તરઃ

જિદુનાથના મનને કલ્યાણીની દુઃખભરી મધુર સ્મૃતિનો બોજ તંદ્રિત બનાવી દેતો હતો.

**2. નીચેના દરેક પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો :**

**પ્રશ્ન 1. વૃદ્ધ હોવા છતાં જિદુનાથ શા માટે ખૂબ દોડધામ કર્યા કરતા હતા?**

ઉત્તર :

કલ્યાણીનાં લગ્નનો દિવસ હવે દૂર નહોતો. તેથી તેનાં લગ્નની તૈયારી માટે વૃદ્ધ હોવા છતાં જિદુનાથ ખૂબ દોડધામ કર્યા કરતા હતા.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**પ્રશ્ન 2. નદીકિનારેથી મળી આવેલ બાળકને જિવાડવા અને ઉછેરવા માટે જિદ્દુનાથે શું કર્યું?**

ઉત્તરઃ

નદીકિનારેથી મળી આવેલ બાળકને જિવાડવા અને ઉછેરવા માટે જિદ્દુનાથે એનું કાળજીપૂર્વક જતન કર્યું. એમણે પોતાની જાતને એમાં પરોવી.

**પ્રશ્ન 3. કલ્યાણી લગ્નનો અર્થ બરાબર સમજતી ન હતી તેનો ખ્યાલ શા ઉપરથી આવી શકે છે?**

ઉત્તરઃ

"તારાં લગ્ન થશે, બેટા! પછી તું એકલી નહિ રહે. જે ગામ તારાં લગ્ન થશે એ ગામ તું આ બધું છોડીને ચાલી જશે." એમ જિદ્દુનાથ કલ્યાણીને કહે છે ત્યારે કશાય ખ્યાલ વગર એમ ને એમ કલ્યાણી બોલી ગઈ 'તમે પણ સાથે આવશો ને, દાદાજી! આ ઉપરથી કલ્યાણી લગ્નનો અર્થ બરાબર સમજી ન હતી તેનો ખ્યાલ આવી શકે છે.

**પ્રશ્ન 4. જિદ્દુનાથે કેવા પરિવારમાં કલ્યાણીનું લગ્ન ગોઠવ્યું?**

ઉત્તરઃ

જિદ્દુનાથે એમના જેવા જ તરછોડાયેલાં છતાં ભદ્ર લોકોના પરિવારમાં કલ્યાણીનું લગ્ન ગોઠવ્યું. તેમાં યુવક, એની બુઢી મા અને નાની બહેન હતાં. કુટુંબ પૈસાદાર નહિ પણ ખાનદાન હતું.

**પ્રશ્ન 5. રેંકડીવાળા ડોસાને જોવાથી કલ્યાણીના મન પર શી અસર થઈ? એણે શો નિર્ણય લીધો?**

ઉત્તર :

રેંકડીવાળા ડોસાનો અવાજ, એની કોમળ નજર બરાબર દાદાજીના જેવાં જ હતાં. એની નજર સમક્ષ જિદ્દુનાથનો જીર્ણ થઈ ગયેલો દેહ કલ્યાણીને દેખાવા લાગ્યો. એણે પાછા દાદાજી પાસે જવાનો નિર્ણય લીધો.

**3. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

**પ્રશ્ન 1. કલ્યાણીના લગ્નની તારીખ નક્કી થયા પછીના જિદ્દુનાથના મનોભાવોને વર્ણવો.**

ઉત્તરઃ

કલ્યાણી અનાથ બાળકી હતી. સોળ વરસ પહેલાં જિદ્દુનાથને તે નદીકિનારેથી મળી આવી હતી. એકલવાયું જીવન ગુજારતા જિદ્દુનાથે "દાદાજી' બની, તેને પોતાની પોત્રી ગણીને અખૂટ સ્નેહથી તેને ઉછેરી. આજે એ સોહામણી ફૂલવેલ બની ગઈ છે. તેનાં લગ્નની તારીખ નક્કી થઈ ગઈ છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

જિદ્દુનાથે એમની તમામ મિલકત લગ્નમાં વાપરી નાખવાનું નક્કી કર્યું છે. તે કલ્યાણી માટે સુંદર વસ્તુઓ લાવે છે. સુંદર વસ્તુઓ જોઈને પણ એના (કલ્યાણીના) મનમાં આનંદ પ્રગટતો નથી.

કલ્યાણીના મોં સામે જોઈને જિદ્દુનાથનું દિલ બળી જાય છે. એમની આંખમાં મલિન દુઃખની છાયા ભરાઈ બેઠી છે. વાતવાતમાં ફૂલવેલશી કન્યાને હાસ્યની લખલૂટ છોળોથી હસાવી મૂકનારનું મોં આજે મલકતું નથી.

જમતાં કોળિયો હાથમાં રહી જાય છે ને આંખો શૂન્ય બની હવામાં જડાઈ રહે છે. પાણી પીવા પ્યાલો ભરે છે ને પાણી પીધા વિના જ ઢોળી નાખે છે. સોળ વરસથી સાથે વણાતી આવેલી બે જિંદગીમાં એટલું એત્વ આવી ગયું છે કે એ બેને જુદી પાડવાની વાત દેહથી પ્રાણને જુદા પાડવા જેવી લાગે છે. જિદ્દુનાથને ક્યારેક થઈ આવે છે, “ના, શા માટે કલ્યાણીના લગ્ન કરવાં?”

**પ્રશ્ન 2. કલ્યાણીનાં લગ્ન પછીની જિદ્દુનાથની વેદના અને તેનું પરિણામ વર્ણવો.**

ઉત્તર :

કલ્યાણીનાં લગ્નની વિધિ સમાપ્ત થઈ. નવદંપતી જિદ્દુનાથને પગે લાગવા આવ્યાં. બંનેએ જિદ્દુનાથના પગમાં માથું નમાવ્યું. જિદ્દુનાથ પગથી માથા સુધી કંપી ઊઠ્યા. ભાંગતા અવાજે તે બોલ્યા: “સુખી રહો બેટા...’ કલ્યાણીએ એક ડૂસકું ખાધું ને વિદાય થઈ.

અગાસી ઉપરથી જિદ્દુનાથ નીચે આવીને ખાટલા પર બેઠા. પળો બધી જાણે લાંબી લાંબી થવા લાગી. એની છાતી પર દુઃખનો ભાર વધવા લાગ્યો. નીરવ હૃદયસાગર ઘુઘવાટ કરી નિરંતર જે એનાં ગીત સંભળાવી રહ્યું હતું, વારંવાર મનમાં જેની સુગંધ મહેકી જતી હતી તે ક્યાંય નહોતી.

તેની મૂંગી સ્મરણ સુધા જ માત્ર ઘરને ખૂણેખૂણેથી ઝરી રહી હતી. કલ્યાણીના મીઠા બોલ દાદાજીને યાદ આવતા હતા. જિદ્દુનાથના હૃદયની વેદના વધવા માંડી. મૃત્યુ પહેલાંની વેદના ઊંડી, ઘેરી, ઘૂંટાતી વેદનાનો બોજ એમના પર ખડકાવા લાગ્યો. કલ્યાણીનાં પગલાંનો ઝણકાર સંભળાયો.

પછી કલ્યાણીના સૂરો સંભળાયા : ‘દાદાજી! ઓ દાદાજી!’ જિદ્દુનાથે ઘેરાતી આંખો મહામહેનતે ઉઘાડી. સામે કલ્યાણીને ઊભેલી જોઈ. આઘાતથી એ બેહોશ બની ગયા. બોલ્યા “ચાલી આવી કલ્યાણી? વરને છોડીને ચાલી આવી અભાગી?”

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

જિદ્દુનાથનું માથું કલ્યાણીએ ખોળામાં લીધું ને હળવે હાથે દાબવા લાગી ને બોલી, ‘તમને છોડીને જવું ગમતું નહોતું, દાદાજી ! – કેમે કર્યું ગમ્યું નહિ. વચ્ચેથી જ ચાલી આવી. હવે કદી નહિ જાઉં.’

**પ્રશ્ન 3. કલ્યાણીનું પાત્રાલેખન કરો.**

ઉત્તર :

કલ્યાણી અનાથ બાળકી હતી. જિદ્દુનાથને તે સોળ વરસ પહેલાં નદીકિનારેથી મળી હતી. જિદ્દુનાથ અનુકંપાથી પ્રેરાઈને તેને પોતાને ઘેર લાવ્યા હતા. પોતે એલરામ હતા. એલવાયું જીવન ગુજારતા જિદ્દુનાથ દાદાજી’ બનીને અખૂટ સ્નેહથી તેને ઉછેરવા લાગ્યા.

કલ્યાણી એક સોહામણી ફૂલવેલ બની ગઈ. દાદાજીના પ્રાણને એણે સ્નેહને ઝૂલે ઝુલાવ્યાં છે. જીર્ણ બની ગયેલા દાદાના દેહ પર મમતાનો હાથ ફેરવ્યો છે. ઝીણી ઝીણી એની કાળજીને લઈને એમને અવશ બનાવી મૂક્યા છે.

દાદાજી સંન્યાસી બની હિમાલય બાજુ જવાનું કહે છે તો તે તેમની સાથે જવા તૈયાર થાય છે. કલ્યાણીનાં લગ્ન નક્કી થઈ જાય છે. રોજરોજ દાદાજી કલ્યાણી માટે સુંદર વસ્તુઓ લાવે છે, પરંતુ સુંદર વસ્તુઓ જોઈને એના મનમાં આનંદ પ્રગટતો નથી. તેને દાદાજીને છોડીને સાસરે જવું ગમતું નથી.

જિદ્દુનાથે કન્યાદાન કર્યું. લગ્નની વિધિ સમાપ્ત થઈ ગઈ. વિદાયવેળાએ “જવું ગમતું નથી, દાદાજી!” શબ્દો વારંવાર કલ્યાણી ઘૂંટી રહી હતી. રેલગાડીમાં, વેઇટિંગ રૂમમાં પણ તેને દાદાજીની યાદ આવે છે. તેના હૃદયમાં ઊંડે ઊંડે વેદના થાય છે. એના મનમાં પ્રશ્નો ઊઠે છે :

“દાદાજી શું કરતા હશે?” “દાદાજીનું માથું દુઃખતું હશે?” “રાત્રે એમને પાણી કોણ આપશે?” રેંકડીવાળાને જોઈને એને દાદાજી પાસે જવાની તીવ્ર ઇચ્છા થઈ આવે છે. તે બાદલપુરની ગાડીમાં બેસીને દાદાજી પાસે દોડી આવે છે.

જિદ્દુનાથનું માથું ખોળામાં લઈને હળવે હાથે દાબવા લાગે છે ને બોલે છે, “તમને છોડીને જવું ગમતું નહોતું, દાદાજી ! – કેમે કર્યું ગમ્યું નહિ. વચ્ચેથી જ ચાલી આવી. હવે કદી નહિ જાઉં.’

આમ, કલ્યાણીના પાત્ર દ્વારા જો કોઈ અનાથ બાળકને સ્નેહથી ઉછેરવામાં આવે, તો તે સ્વજનથી પણ વિશેષ પ્રેમ આપે છે તે સમજાય છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**4. નીચેનાં વાક્યોનો મર્મ સમજાવો :**

**પ્રશ્ન 1. જાણે બાળકના જીવનનાં મૂલ્ય માબાપની કાયદેસરતા પર જ અવલંબેલાં હતાં, જીવનનો જીવન તરીકે ત્યાં કોઈ સ્વીકાર નહોતો.**

ઉત્તરઃ

જિદ્દુનાથ એકલરામ હતા. એક દિવસ વહેલી સવારે નદીકિનારે ફરવા જતાં એમને એક તરતનું જન્મેલું બાળક જોવા મળ્યું. અનુકંપાથી પ્રેરાઈને એને એ ઘેર લાવ્યા. એમના પર જે – જે મમતા રાખતાં હતાં તે તમામ પર એમને શ્રદ્ધા હતી.

પરંતુ એમાંથી કોઈએ એ બાળકને રાખવાની ને પાળવાની હા પાડી નહિ. ઉપરથી એમને એક – બે કડવાં વચનો પણ સંભળાવ્યાં. જીવનને જીવન તરીકે સ્વીકારવા કોઈ તૈયાર નહોતું. બાળકનાં કાયદેસરનાં માબાપ સિવાય એનો કોઈ સ્વીકાર કરતું નથી.

**પ્રશ્ન 2. સાન્નિધ્યમાં જેનું સ્વરૂપ નહોતું સમજાયું એને આજ વિદાયની વેદના-જવાળાના અજવાળામાં એ સ્પષ્ટપણે સમજી રહ્યા છે.**

ઉત્તર :

જિદ્દુનાથ અનાથ બાળકીને ઘેર લાવ્યા. પોતાના પર મમતા રાખનારાંમાંથી કોઈએ એ બાળકીને રાખવાની ને પાળવાની હા પાડી નહીં. જિદ્દુનાથે અખૂટ નેહથી તેને ઉછેરી. આજે તે સોહામણી ફૂલવેલ બની ગઈ. તેના લગ્નના દિવસો નજીક આવ્યા.

જેને એ પાળતાપોષતા આવ્યા હતા ને પોતે પોતાની જાતને કેવી પરોવી રહ્યા હતા તે હવે વિદાયવેળાએ તેમને સમજાયું. આમ, સાન્નિધ્યમાં જેનું સ્વરૂપ નહોતું સમજાયું અને આજે વિદાયની વેદના – જ્વાળાના અજવાળામાં એ સ્પષ્ટપણે સમજી રહ્યા હતા.

**પ્રશ્ન 3. દિવસો જેના વીત્યા વીતતા ન હતા એની સાંજ તે દી જલદી પડી.**

ઉત્તરઃ

જિદ્દુનાથ એકલરામ હતા. અનાથ બાળકીને સ્નેહથી ઉછેરતા હતા. બીજમાંથી અંકુર, અંકુરમાંથી છોડ, ને વધતાં વધતાં અનાથ કલ્યાણી એક સોહામણી ફૂલવેલ બની ગઈ હતી. સોળ વર્ષ વીતી ગયાં હતાં. તેના લગ્નનો દિવસ જલદી નજીક આવી ગયો. જિદ્દુનાથે કન્યાદાન આપ્યું.

એમનું શરીર થરથર ધ્રુજતું હતું. એમની વૃદ્ધાવસ્થા જલદી આવી પહોંચી હતી.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in